CAN-106 Seat No.________

# B. Com. (Sem. V) Examination

January – 2022

## Cost & Financial Accounting : Paper - CE - 301A

*(Core Elective)*

Time : 3 Hours] [Total Marks : 70

**સૂચના :** (1) જમણી બાજુના અંક જે-તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.

(2) જરૂરી ગણતરી તમારા જવાબના ભાગરૂપે દર્શાવો.

1 (A) એક વસ્તુ ત્રણ પ્રક્રિયામાંથી પસાર થયા બાદ પ્રાપ્ત થાય છે. નીચે આપેલી માહિતી પરથી પ્રક્રિયાઓનાં ખાતાં તૈયાર કરો અને અસામાન્ય બગાડ તથા અસામાન્ય વધારા અંગેના ખાતાં તૈયાર કરો. 14

| વિગત | પ્રક્રિયા-1 | પ્રક્રિયા-2 | પ્રક્રિયા-3 |
|---|---|---|---|
| માલસામાન (રૂ.) | 10,400 | 7,500 | 12,000 |
| મજૂરી (રૂ.) | 8,000 | 12,000 | 16,000 |
| કારખાના પરોક્ષ ખર્ચા (રૂ.) | 8,000 | 12,000 | 16,000 |

અન્ય માહિતી :

| વિગત | ખરેખર ઉત્પાદન એકમોમાં | સામાન્ય બગાડ | એકમદીઠ ભંગાર કિંમત (રૂ.) |
|---|---|---|---|
| પ્રક્રિયા-1 | 1,800 | 10% | 12 |
| પ્રક્રિયા-2 | 1,600 | 10% | 15 |
| પ્રક્રિયા-3 | 1,560 | 5% | 20 |

પ્રક્રિયા-1માં 2,000 એકમો એકમદીઠ રૂ. 6 લેખે દાખલ કર્યા હતા.

અથવા

(A) એક વસ્તુનું ઉત્પાદન તૈયાર થયા બાદ તૈયાર માલનાં સ્ટોક ખાતે લઈ જવામાં આવે છે તે પહેલાં તે બે પ્રક્રિયામાંથી પસાર થાય છે. નીચેની માહિતી માર્ચ, 2021ના માસની છે. **14**

| વિગત | પ્રક્રિયા-1 (રૂ.) | પ્રક્રિયા-2 (રૂ.) | તૈયાર માલ (રૂ.) |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | 45,000 | 54,000 | 1,35,000 |
| પ્રત્યક્ષ માલસામાન | 90,000 | 94,500 | - |
| પ્રત્યક્ષ મજૂરી | 67,200 | 67,500 | - |
| કારખાનાના પરોક્ષ ખર્ચા | 63,000 | 27,000 | - |
| આખર સ્ટોક | 22,200 | 27,000 | 67,500 |
| શરૂઆતના સ્ટોકમાં સમાયેલ આંતર પ્રક્રિયા નફો | - | 9,000 | 49,500 |
| ફેરબદલી કિંમત પર નફાના % | 25% | 20% | - |

પ્રક્રિયાનો સ્ટોક પ્રાથમિક પડતર પ્રમાણે ગણવામાં આવે છે. તૈયાર માલનો સ્ટોક પ્રક્રિયા-2માંથી જે કિંમતે ફેરબદલી થાય છે તે કિંમતે ગણવામાં આવે છે. આ સમય દરમિયાન વેચાણ રૂ. 11,40,000 હતું. તૈયાર કરો :

(1) દરેક કક્ષાએ નફો દર્શાવતા પ્રક્રિયા ખાતાં

(2) કુલ નફો અને નહીં મળેલ નફાનું પત્રક

(B) નીચેના બહુવિકલ્પીય પ્રશ્નોના જવાબ આપો. **4**

(1) પ્રક્રિયા પડતરમાં અસામાન્ય નુકસાનની રકમ ઉધારાય છે.

(A) વેપાર ખાતે (C) નફા-નુકસાન ખાતે

(B) પાકા સરવૈયામાં (D) પ્રક્રિયા ખાતે

(2) એક પ્રક્રિયામાં 5000 એકમો દાખલ કરવામાં આવ્યા. સામાન્ય બગાડ 5% છે, તો સામાન્ય બગાડના એકમો-

(A) 100 એકમો (C) 200 એકમો

(B) 300 એકમો (D) 250 એકમો

(3) ______ એ માલ અને પ્રક્રિયાના કુદરતી પરીબળને કારણે અટકાવી ન શકાય તેવું નુકસાન છે.

(A) અસામાન્ય બગાડ (C) સામાન્ય બગાડ

(B) અસામાન્ય નફો (D) સામાન્ય નફો

(4) વેચેલ એકમો 15,000, શરૂનો સ્ટોક 2,000 એકમો, આખર સ્ટોક 3,000 એકમો, તો ઉત્પાદનના એકમો-

(A) 16,000 એકમો (C) 17,000 એકમો

(B) 15,000 એકમો (D) 14,000 એકમો

2 (A) (i) જીયાના લિ. એક્સ વસ્તુનું ઉત્પાદન કરે છે. જેની એકમદીઠ વેચાણ કિંમત રૂ. 20 છે. કંપની 21,000 એકમો બનાવી વેચે તો રૂ. 30,000નું નુકસાન થાય છે. જ્યારે 27,000 એકમોનું વેચાણ કરે તો રૂ. 30,000નું નફો થાય છે. **10**

ગણતરી કરો :

(1) પી.વી. ગુણોત્તર

(2) સ્થિર ખર્ચા

(3) સમતુટ બિંદુ (એકમોમાં)

(4) 30,000 એકમોના વેચાણે નફો

(5) રૂ. 2,00,000 નફો કમાવવા માટે જરૂરી વેચાણ (એકમોમાં)

(ii) ચાવીરૂપ પરીબળ - ટૂંકનોંધ લખો. **4**

**અથવા**

2 (A) (i) નીચેની માહિતી પરથી ગણો : **10**

(1) પી.વી. ગુણોત્તર

(2) સ્થિર ખર્ચા

(3) સમતુટ બિંદુ (રૂપિયામાં)

(4) રૂ. 7,50,000ના વેચાણે સંભવિત નફો

(5) વર્ષ 2020-21 માટે સલામતી ગાળો.

| વર્ષ | પડતર (રૂ.) | નફો કે નુકસાન (રૂ.) |
|---|---|---|
| 2019-20 | 4,10,000 | –10,000 (નુકસાન) |
| 2020-21 | 5,60,000 | +40,000 (નફો) |

(ii) સલામતી ગાળો - ટૂંકનોંધ લખો. **4**

(B) નીચેના બહુવિકલ્પીય પ્રશ્નોના જવાબ આપો. 4

(1) નીચેનામાંથી કઈ પદ્ધતિ બધા જ ઉદ્યોગોમાં તથા અન્ય પડતર પદ્ધતિ સાથે પણ ઉપયોગમાં લઈ શકાય તેવી પદ્ધતિ છે ?

(A) પ્રક્રિયા પડતર

(B) સેવા પડતર

(C) એકમ પડતર

(D) સીમાંત પડતર

(2) એક એકમની એકમદીઠ વેચાણ કિંમત રૂ. 10 છે. એકમદીઠ ચલિત ખર્ચ રૂ. 7 છે. સ્થિર ખર્ચ રૂ. 12,000 છે. તો રૂ. 3,000ના નફા માટે વેચાણ (રૂપિયામાં) શોધો.

(A) રૂ. 40,000 (B) રૂ. 50,000

(C) રૂ. 48,000 (D) રૂ. 52,000

(3) જો નફા-જથ્થાનો ગુણોત્તર 50% હોય, સલામતીનો ગાળો 40% હોય અને વેચાણ રૂ. 6,00,000 હોય તો સ્થિર ખર્ચ કેટલા રૂપિયા હશે ?

(A) રૂ. 1,80,000

(B) રૂ. 3,00,000

(C) રૂ. 2,40,000

(D) રૂ. 3,60,000

(4) સલામતી ગાળાના વેચાણમાંથી મળતો ફાળો = ______

(A) નુકસાન (B) સ્થિર ખર્ચ

(C) નફો (D) ચલિત ખર્ચ

3 (A) રવિ લિ. અને પીયુ લિ.નું તા. 1-4-20ના રોજ સંયોજન કરવામાં આવ્યું અને બંને કંપનીનો ચાલુ ધંધો ખરીદી લેવા રાજ લિ.ની સ્થાપના કરવામાં આવી. રવિ અને પીયુ લિ.ના તા. 31-3-20ના રોજના પાકા સરવૈયા નીચે મુજબ છે : 14

| જવાબદારીઓ | રવિ લિ. (રૂ.) | પીયુ લિ. (રૂ.) | મિલકતો | રવિ લિ. (રૂ.) | પીયુ લિ. (રૂ.) |
|---|---|---|---|---|---|
| ઈક્વિટી શેર દરેક રૂ. 10નો પૂરા ભરાયેલા | 17,00,000 | 14,50,000 | જમીન-મકાન | 9,20,000 | 5,50,000 |
| 14%ના પ્રેફરન્સ શેર દરેક રૂ. 100ના પૂરા ભરાયેલ | 6,40,000 | 3,50,000 | પ્લાન્ટ-મશીનરી | 6,50,000 | 4,20,000 |
| પુનઃ સ્થાપના અનામત | 2,50,000 | 1,60,000 | રોકાણો | 1,50,000 | 1,00,000 |
| સામાન્ય અનામત | 4,80,000 | 3,20,000 | સ્ટોક | 6,50,000 | 5,38,000 |
| રોકાણ વળતર અનામત | 1,00,000 | 60,000 | દેવાદારો | 6,10,000 | 5,40,000 |
| નફા-નુકસાન ખાતું | 1,50,000 | 1,04,000 | લેણી-હૂંડી | 50,000 | - |
| 12%ના ડિબેન્ચર દરેક રૂ. 100ના | 1,00,000 | 56,000 | રોકડ-બેન્ક સિલક | 7,70,000 | 5,02,000 |
| જાહેર થાપણો | 50,000 | - | | | |
| લેણદારો | 2,90,000 | 1,50,000 | | | |
| દેવી-હૂંડી | 40,000 | - | | | |
| | 38,00,000 | 26,50,000 | | 38,00,000 | 26,50,000 |

**અન્ય માહિતી :**

(1) રવિ લિ. અને પીયુ લિ.ના 12%ના ડિબેન્ચર હોલ્ડરોને રાજ લિ.ના 15%ના દરેક રૂ. 100ના ડિબેન્ચર એટલી સંખ્યામાં આપવા કે જેથી તેમને વ્યાજની આવક એટલી જ મળે.

(2) બંને કંપનીના પ્રેફરન્સ શેરહોલ્ડરોને રાજ લિ.ના 15%ના પ્રેફરન્સ શેર, દરેક રૂ. 100ના રૂ. 125ના ભાવે તેટલી જ સંખ્યામાં આપવા.

(3) રવિ લિ.ના દરેક 5 ઈક્વિટી શેરના બદલે રાજ લિ.ના 2 ઈક્વિટી શેર અને પીયુ લિ.ના દરેક 10 ઈક્વિટી શેરના બદલામાં રાજ લિ.ના 3 ઈક્વિટી શેર દરેક રૂ. 10નો રૂ. 35ના ભાવે આપવા.

(4) રોકાણ વળતર અનામત હજુ બે વર્ષ માટે રાખવું જરૂરી છે.

તમારે સંયોજન પછીનું રાજ લિ.નું પાકું સરવૈયું નીચે મુજબની ધારણા હેઠળ તૈયાર કરવાનું છે.

(i) જો સંયોજન વિલિનીકરણ સ્વરૂપનું હોય તો.

(ii) જો સંયોજન ખરીદી સ્વરૂપનું હોય તો.

**અથવા**

3 (A) (i) ખરીદ સ્વરૂપ અને વિલિનીકરણ સ્વરૂપના સંયોજન વચ્ચેનો તફાવત જણાવો.

(ii) સંયોજન એટલે શું ? તેના હેતુઓ જણાવો.

(B) નીચેના બહુવિકલ્પીય પ્રશ્નોના જવાબ આપો.

(i) જો સંયોજન વખતે બંને કંપનીઓ જુદી જુદી હિસાબી નીતિઓનો ઉપયોગ કરતી હોય તો સંયોજન વખતે ______ હિસાબી પદ્ધતિ અપનાવે છે.

(A) લિફો (C) ભારિત

(B) ફિફો (D) સમાન

(ii) સંયોજન હવાલા ખાતું ખરીદનાર કંપનીના ચોપડે ______ના શીર્ષક હેઠળ પાકા સરવૈયામાં બતાવાશે.

(A) અનામત અને વધારો (C) રોકાણો

(B) કાયમી મિલકતો (D) પરચૂરણ ખર્ચા

(iii) ખરીદનાર અને વેચનાર બંને કંપનીના શેરની આંતરિક કિંમત મુજબ ખૂટતી રકમ ______ ચૂકવાય છે.

(A) રોકડમાં (C) પ્રેફરન્સ શેરમાં

(B) ડિબેન્ચરમાં (D) મિલકતોમાં

4 (A) પંકજ લિ. અને શ્રેયાંસ લિ.ના 31 માર્ચ, 2021ના રોજના પાકા-સરવૈયાં નીચે પ્રમાણે છે : 1

| દેવાં | પંકજ લિ. (રૂ.) | શ્રેયાંસ લિ. (રૂ.) | મિલકતો | પંકજ લિ. (રૂ.) | શ્રેયાંસ લિ. (રૂ.) |
|---|---|---|---|---|---|
| દરેક રૂ. 100નો એક એવા | | | પાઘડી | - | 1,56,000 |
| ઈક્વિટી શેર પૂરા ભરાયેલ | 27,00,000 | 13,50,000 | જમીન-મકાન | 7,00,000 | 10,80,000 |
| સામાન્ય અનામત | 4,00,000 | 2,00,000 | યંત્રો | 8,00,000 | 2,00,000 |
| નફા-નુકસાન ખાતું | 80,000 | 70,000 | રોકાણો | 2,80,000 | 2,00,000 |
| 10%ના ડિબેન્ચર | - | 8,00,000 | સ્ટોક | 8,20,000 | 5,40,000 |
| લેણદારો | 4,20,000 | 2,80,000 | દેવાદારો | 4,60,000 | 4,00,000 |
| | | | બેંક સિલક | 5,40,000 | 80,000 |
| | | | પ્રાથમિક ખર્ચા | - | 44,000 |
| | **36,00,000** | **27,00,000** | | **36,00,000** | **27,00,000** |

નીચેની શરતોએ શ્રેયાંસ લિ.ને પંકજ લિ.માં સમાવી લેવામાં આવે છે.

(1) શ્રેયાંસ લિ.ના રોકાણો સિવાયની તમામ મિલકતો અને દેવાં પંકજ લિ. લઈ લે છે.

(2) શ્રેયાંસ લિ.ની મિલકતોનું પુનઃ મૂલ્યાંકન નીચે મુજબ કરવામાં આવ્યું :

| | |
|---|---|
| જમીન-મકાન | 14,00,000 |
| યંત્રો | 2,80,000 |
| સ્ટોક | 5,00,000 |

(3) શ્રેયાંસ લિ.ના 5 ઈક્વિટી શેરના બદલામાં પંકજ લિ.ના 4 પૂરા ભરાયેલ ઈક્વિટી શેર આપશે. શ્રેયાંસ લિ.ના દરેક ઈક્વિટી શેર દીઠ રૂ. 60 રોકડા આપશે.

(4) શ્રેયાંસ લિ.ના 10%ના ડિબેન્ચર હોલ્ડરોને 10% પ્રીમિયમે ચુકવવા, પંકજ લિ.ના 12%ના ડિબેન્ચર આપવાના છે.

(5) શ્રેયાંસ લિ.એ રોકાણો રૂ. 1,70,000માં વેચ્યા.

શ્રેયાંસ લિ.ના ચોપડે માલ-મિલકત નિકાલ ખાતું અને ઈક્વિટી શેરહોલ્ડરોનું ખાતું તૈયાર કરો અને પંકજ લિ.ના ચોપડે સમાવેશની આમનોંધ લખો.

**અથવા**

4 (A) જયના લિ. અને રેશ્મા લિ.ના તા. 31-3-2021ના પાકા-સરવૈયાં નીચે પ્રમાણે છે : 14

| જવાબદારીઓ | જયના લિ. (રૂ.) | રેશ્મા લિ. (રૂ.) | મિલકતો | જયના લિ. (રૂ.) | રેશ્મા લિ. (રૂ.) |
|---|---|---|---|---|---|
| 15,000 ઈક્વિટી શેર દરેક રૂ. 100ના પૂરા ભરાયેલ | 15,00,000 | - | કાયમી મિલકતો | 16,00,000 | 5,12,000 |
| 8000 ઈક્વિટી શેર દરેક રૂ. 100નો શેરદીઠ રૂ. 50 ભરાયેલા | - | 4,00,000 | રોકાણો | 4,00,000 | 1,00,000 |
| સામાન્ય અનામત | 9,00,000 | 2,03,000 | ચાલુ મિલકતો | 8,00,000 | 2,88,000 |
| 10%ના ડિબેન્ચર દરેક રૂ. 100ના | 4,00,000 | 3,00,000 | નફા-નુકસાન ખાતું | - | 1,00,000 |
| લેણદારો | 2,00,000 | 97,000 | પ્રાથમિક ખર્ચા | 2,00,000 | - |
| | **30,00,000** | **10,00,000** | | **30,00,000** | **10,00,000** |

તા. 1-4-2021ના રોજ જયના લિમિટેડે નીચેની શરતોએ રેશ્મા લિમિટેડને સમાવી લેવાનું નક્કી કર્યું.

(1) જયના લિ.ના ચોપડે દર્શાવેલ કાયમી મિલકતો તેની બજાર કિંમત કરતાં 20% ઓછી છે. જ્યારે રેશ્મા લિ.ની ચાલુ મિલકતોમાં રૂ. 88,000નો સ્ટોક છે. જેની ચોપડે કિંમત બજાર કિંમત કરતાં 10% વધુ આંકવામાં આવેલ છે.

(2) બંને કંપનીના રોકાણોની બજાર કિંમત તેની ચોપડા કિંમત કરતાં 25% વધુ છે.

(3) ખરીદ કિંમત પેટે રેશ્મા લિ.ના 10 ઈક્વિટી શેરના બદલામાં જયના લિ.ના 3 ઈક્વિટી શેર પૂરા ભરાયેલા ગણીને બંને કંપનીના શેરની આંતરીક કિંમત ધ્યાનમાં લઈને આપવા અને જરૂરી રકમ રોકડમાં ચૂકવવી.

ઉપરોક્ત માહિતીના આધારે રેશ્મા લિ.ના ચોપડે-

(1) માલ-મિલકત નિકાલ ખાતું

(2) જયના લિ.નું ખાતું

(3) રોકડ/બેંક ખાતું

(4) જયના લિ.ના ઈક્વિટી શેરનું ખાતું

(5) ઈક્વિટી શેરહોલ્ડરોનું ખાતું

તથા જયના લિ.ના ચોપડામાં જરૂરી આમનોંધ લખો.

(B) નીચેના બહુવિકલ્પીય પ્રશ્નોના જવાબ આપો.

(i) જ્યારે એક કંપની બીજી કંપનીનો ધંધો ખરીદી લે ત્યારે ______ અસ્તિત્વમાં આવે છે.

(A) સંયોજન

(B) સમાવેશ

(C) બાહ્ય પુનઃરચના

(D) આંતરિક પુનઃરચના

(ii) ખરીદનાર કંપની પાસેથી મળેલ શેર ______ નોંધાય છે.

(A) દાર્શનિક કિંમતે

(B) બજાર કિંમતે

(C) સરેરાશ કિંમતે

(D) ઉપરનામાંથી એકપણ નહીં

(iii) ચોખ્ખી મિલકતો ÷ ઈક્વિટી શેરની કુલ સંખ્યા = ______

(A) શેરની ઊપજકિંમત

(B) શેરની આંતરિક કિંમત

(C) શેરની બાહ્ય કિંમત

(D) શેરની દાર્શનિક કિંમત